[illegible] આર્યમાલા પુસ્તક નંબર-૪

॥ ઓ૩મ્ ॥

શંકા કોષ

તૃતીય ભાગ

સંગ્રહ કરી પ્રસિદ્ધ કર્તા:-

ગોવિંદલાલ ત્રીકમલાલ.

મંત્રી આર્યસમાજ-ભાવળા.

વિ. સંવત	સૃષ્ટિ સંવત	દયાનંદાબ્દ
૧૯૮[illegible]	૧૯૭૨૯૪૯૦૨૭	૧૦૩

પ્રથમાવૃત્તિ પ્રત ૧૦૦૦

કીમત રૂ. ૦-૧-૦

॥ ओ३म् ॥

:: બાવલા આર્ય સમાજના મુખ્ય દશ નિયમ ::

(૧) સર્વ સત્ય વિદ્યા અને જે પદાર્થ વિદ્યાથી જાણવામાં આવે છે, સર્વનું આદિમૂળ પરમેશ્વર છે.

(૨) ઇશ્વર સચ્ચિદાનંદ રૂપ. નિરાકાર, સર્વ શક્તિમાન, ન્યાયકારી દયાળુ, અજન્મા, અનંત, નિર્વિકાર, અનાદિ, અનુપમ, સર્વાધાર, સરવેશ્વર, સર્વવ્યાપક, અન્તર્યામી, અજર, અમર, અભય, નિત્ય, પવિત્ર, અને, સૃષ્ટિ કર્તા છે, માટે એનીજ પ્રાથના કરવી યોગ્ય છે.

(૩) વેદ સર્વ સત્ય વિદ્યાઓનું પુસ્તક છે, વેદનું ભણવું ભણાવવું અને સાંભળવું, સંભળાવવું એ સર્વ આર્યોનો પરમ ધર્મ છે.

(૪) સત્યનું ગ્રહણ કરવામાં અને અસત્યનું ગ્રહણ ન કરવામાં સર્વદા ઉદ્યત રહેવું.

(૫) સર્વ કામ. ધર્માનુસાર અર્થાત, સત્ય અને અસત્યનો વિચાર કરી ને કરવાં.

(૬) સંસાર નો ઉપકાર કરવો એ આ સભા—સમાજનો મુખ્ય ઉદ્દેશ છે અર્થાત શારીરીક, આત્મિક, અને શામાજીક ઉન્નતિ કરવી.

(૭) સર્વ સાથે પ્રિતી પુર્વક—ધર્માઅનુશાર યથાયોગ્ય વર્તવુ જોઇએ.

(૮) અવિદ્યાનો નાશ અને વિદ્યાની વૃદ્ધિ કરવી જોઇએ

(૯) પ્રત્યેક જણે પોતાની ઉન્નતિથી સંતુષ્ટ રહેવું ન જોઇએ. પરંતુ સર્વની ઉન્નતિમાં જ પોતાની ઉન્નતિ સમજવી જોઇએ.

(૧૦) સર્વ મનુષ્યોએ સામાજીક સર્વ હીત કારી નિયમો પાળવામાં પરતંત્ર રહેવું જોઇએ, અને પ્રત્યેક હિત કારી નિયમમાં સ્વતંત્ર રહેવું જોઇએ.



શંકા કોષ

તૃતિય ભાગ.

૧ સુમંન્તું મુનિ રાજા શતાનિકને કહે છે કે—અઢાર પુરાણ બ્રહ્માના પાંચમા મુખમાંથી નીકળ્યા છે.

(૧) મૂલ—यत्तन्मुखं महाबाहो पंचम लोकाविश्रुतम् ।
अष्टादस पुराणानां सेतिहासानि भारत् ॥५६॥
निर्गतानि ततस्तस्मान्मुखात्कुरुकुलोद्वह ।
तथान्याः स्मृतयाश्चापि यमाद्या लोक पूजीताः ॥५७॥
ब्राह्मपर्व १ अध्याय २ श्लोक ५६-५७

અર્થાત—હે મહાબાહો! બ્રહ્માનું જે પ્રસિદ્ધ પાંચમું મુખ છે તેમાંથી ઇતિહાસ કે સહિત અઢાર પુરાણ તથા મહાભારત અને લોકમાં પુજીત બીજી યમઆદિ સ્મૃતિઓ બ્રહ્માના પાંચમા મુખથી પ્રગટ થયાં છે.

(૨) મૂલ—कल्पनाम्ना पुराणं च महादेवेन निर्मितम् ।
अष्टादस पुराणानि निर्मितानि सिवात्मना ॥२२१॥
द्वापरांते च भगवान व्यासः सत्य ते सुतः ।
तान्येव जनयामास लोकमंगल हेतवे ॥२२२॥
प्रतिसर्ग पर्व ३ खण्ड ४ अध्याय २९ श्लोक २२१-२२२

અર્થાત–કલ્પ નામના પુરાણને મહાદેવે બનાવ્યું. અઢાર પુરાણોને શિવે બનાવ્યા. અને દ્વાપરના અંતમાં, સંસારના, કલ્યાણના માટે સત્યવૃતિના પુત્ર ભગવાન વ્યાસજીએ બનાવ્યાં.

(३) मूल–पारासरेण रचितं पुराणं विष्णुदैवतम ।
शिवेन रचितं स्कान्दं पाद्मं ब्राह्ममुखोद्भवम ॥१०॥
शुकेन प्रोक्तं भागवतं ब्राह्मं वै ब्रह्मणा कृतम् ।
गांरुड हरिणा प्रोक्तं षड्वै सात्त्विक संभवाः ॥११॥
मत्स्यः कूर्मो नृसिंहश्च वामनः शिव एव च ।
वायुरेतत्पुराणानी व्यासने रचितानी वै ॥१२॥
राजसाः षट् स्मृता वीर क[illegible]या भुवि ।
मार्कंडेयं च वाराहं मार्कंडेयेन निर्मितम ॥१३॥
आग्नेयमंगीरश्चैव जनयामास चोतमम् ।
लिंगं ब्राह्माण्डके चापि तंण्डिना रचितेशुभे ।
महादेवेन लोकार्थे भविष्यं रचितं शुभंम् ॥१४॥
तामसाः षट् स्मृताः प्राज्ञैः शक्ति धर्मपरायणाः ।
प्रोक्तान्युप[illegible] तेनाष्टादसैव च ॥१५॥

અર્થાત–વૈષ્ણવ પુરાણ પારાશરે રચ્યુ છે. સ્કંદ પુરાણ શિવજીએ બનાવ્યું છે, તથા પદ્મ પુરાણ બ્રહ્માના મુખથી પ્રકટ થયું છે. ભાગવત પુરાણને શુક દેવજી એ કહ્યું અને બ્રહ્મ પુરાણ નિશ્ચય

બ્રહ્મા એ બનાવ્યુ છે. અને ગરૂડ પુરાણ હરિએ કહ્યુંછે. આ ૭ પુરાણ. શત્વ ગુણ વાળાં પ્રકટ થયાંછે. મત્સ્ય, કૂર્મ. નૃસિંહ, વામન, અને શિવ તથા. વાયુ એ ૭ પુરાણ. વ્યાસજી એ બનાવ્યાં છે, આ ૭ પુરાણ પૃથ્વિમાં કર્મ કાંણ્ડ વાલાં તથા, રજો ગુણવાલાં કહેવાયછે. માર્કડેય તથા વારાહ પુરાણ માર્કડેય ને બનાવ્યું છે. ઉત્તમ અગ્નિ પુરાણ અંગિરા એ તથા. લિંગ અને બ્રહ્માણ્ડ પુરાણ તંડીએ બનાવ્યાં છે. અને મહાદેવજી એ લોકહિતને માટે કલ્યાણ કારી એવું ભવિષ્ય પુરાણ બનાવ્યુ છે. આ ૭ પુરાણ શકિત ધર્મ સંયુકત તમો ગુણ વાલાં કહેવાયછે. અને ૧૮ ઉપ પુરાણ. સુતજીએ બનાવ્યાં છે.

હવે બુદ્ધિવાન પાઠકગણ. સ્વયં વિચાર કરશો કે ત્રણે પ્રમાણોમાં કેટલો પરસ્પર વિરોધ છે? પુરાણો ના કર્તા કોઈ નિશ્ચિત નથી. તો પૌરાણીકો જણાવશો કે પુરાણોના કર્તાના આ ઝગડામાં કોને માનવા?

२ मूल—सर्वाण्येव पुराणानि संज्ञेयानि नरर्षभ ।
द्वादशैव सहस्राणी प्रोक्तानीह मनिषिभी ॥१०३॥
पुनर्वृद्धिं गतानीहं आख्यानैर्वि विर्धेनृप ॥१०४॥
ब्रह्मपर्व १ अध्याय १ श्लोक १०३–१०४

અર્થાત—હે નર શ્રેષ્ટ! નક્કી માનો કે બુદ્ધિ માનો એ અઢાર પુરાણ બાર હજાર શ્લોકમા બનાવ્યાં હતાં, પણ હે રાજન! અનેક પ્રકારની કથાઓથી તેને વધારવામાં આવ્યાં છે,

વાંચક બંધુઓ ઉપરના શ્લોકથી સ્પષ્ટ થાય છે કે હાલનાં અઢાર પુરાણ પ્રમાણ ભૂત નથી કારણ કે હાલના પુરાણોમાં લાખો શ્લોકો વધારેલા છે.

३ मूल–पानीयं च स्मृतं पानी बुभूक्षा भूख उच्यते ॥२३॥
॥ पंजाबी ॥

सेति सागदा भाषा ह्यश्वश्चास्पस्तथा पुनः ॥२५॥
जा. स्थान जैनु शब्दः सप्तसिंधुस्तथैव च ।
सप्त हिंदुर्यावनी च पुनर्ज्ञेया गुरुण्डिका ॥२६॥ फारसी
रवीवारे च संडे च फाल्गुणे चैव फर्वरी ।
षष्टिश्च सिकसटी ज्ञेया तदुदा हरण मीदृशम् ॥२७॥
प्रतिसर्ग पर्व ३ खण्ड १ अध्याय ५

અર્થાત–પાનીયને પાની, તથા બુભૂક્ષાને ભૂખ કહેશે. ફારસીમાં અશ્વને અસ્પ તથા જાનુને જૈનુ અને સપ્ત સિંધુને સપ્ત હિંદુ કહેશે. અને અંગ્રેજીમાં રવિવારને સન્ડે તથા ફાગણુ માસને ફેર્વરી તથા સાઠને સિક્સટી કહેશે. ઇત્યાદી.

આ ઉપરથી વાંચક બંધુઓ તમને નથી લાગતું કે આ પુરાણુ કોઇએ નવીન બનાવ્યું છે?

४ मूल–पुरा मैथुनमाश्रित्य स्थिताभ्यां तु हिमाचले ।
भीमोमाभ्यां महाबाहो रक्तावेकसंभूतः क्षितौ ॥१७॥
गोदव्यां मयन्तेन सुखेन विघृतोऽनया ।
जातोऽस्याः स कुजो वीर रक्तोरक्तसमुद्भवः ॥१८॥
वाह्म पर्व १ अध्याय ३१

અર્થાત્–હે મહા બાહો ! પહેલાં હિમાલય પર્વત ઉપર મહાદેવ તથા પાર્વતીજી મૈથુન કરતાં હતાં. તે વખતે તેમનાથી એક રક્તનું બિંદુ પૃથ્વિ ઉપર પડયું, અને પૃથ્વિએ તેને અચ્છે પ્રકાર, પ્રયત્ન તથા સુખસે ધારણ કીધું. રક્તથી ઉત્પન્ન થવાથી મંગલ રક્ત વર્ણવાળો ઉત્પન્ન થયો.

પાઠક ગણ સ્વયં વિચારે કે મૈથુન કરતી વખત રક્તનું બિંન્દુ પડવું, અને તેનાથી મંગલ ગ્રહનું ઉત્પન્ન થવું શું માની શકાય ?

૫ मूल–मित्रश्च वरुणश्चैव पूर्वमेतो सूरोत्तमौ ।
मन्दरस्य समिपेतुं चेरतुर्विपुलं तपः ॥३॥
तयोः संक्षोभणार्थाय वासवेन वराप्सराः ।
उर्वशी प्रेपिता तत्ररूपौदार्य गुणान्विता ॥४॥
तस्याः संदर्शनादेव क्षुभितौ तौ सुरोत्तमौ ।
विकारं मनसो बुद्ध्वा कुंभे वीर्यं ससर्जतुं ॥५॥
निमेः शापात्तत्र जातो वशिष्टो भगवानृपिः ।
अनन्तरमगस्त्यस्तु जातो दिद्रुस्तपोधनः ॥६॥
उत्तर पर्व ४ अध्याय ११८ श्लोक ३–६

અર્થાત્–પ્રાચિન કાળમાં મિત્ર તથા વરૂણ એ બન્ને ઉત્તમ દેવતા મન્દરાચલ પર્વત પાસે ઘોર તપ કરતા હતા. તેઓના તપ ભંગ કરવાને માટે ઈંદ્રએ રૂપ અને યોવન આદિ ગુણોસે ભરપુર ઉર્વસી અપ્સરાને મોકલી, તેને જોઇને તે બંન્ને ચલાયમાન થયા, અને

મનના વિકારને જાણી પોતાના વિર્યને ઘડામાં દાખલ કર્યો. નિમિના શ્રાપથી ભગવાન્ વશિષ્ટ ઉત્પન્ન થયા અને તેઓના પછી તપમાં પ્રવિણ એવા દિવ્ય મૂર્તિ અગસ્ત્ય મુનિ ઉત્પન્ન થયા.

વાંચક બંધું ! ઘડામાં બંન્નેના વિર્ય ભેગાં થવાથી ઉત્પત્તિ થવી એ તો પૌરાણીક ગપજ નહિ તો બીજું શું માની શકાય ?

६ मूल–एतस्मिन्नन्तरे वक्त्रात्समुद्भुताच शारदा ।
दिव्यांगं सुन्दरं तस्याः दृष्ट्वा ब्रह्मा स्मरातुरः ॥२॥
बलाद् ग्रहित्वा तां कन्या मुवाच स्मर पिडितः ।
रतिं देही मदाघूर्णे रक्ष मां काम विह्वलम् ॥३॥
इति श्रुत्वा तु सा मातारुषा प्राह पिता महम् ।
पंचवक्त्रोऽयंमसुभंन योग्यस्तवकंधरे ॥ ४ ॥

प्रतिसर्ग पर्व–२ अध्याय–१३ श्लोक–३–४.

અર્થાત–એટલામાં તેઓ (બ્રહ્મા) ના મુખથી શારદા એટલે સરસ્વતિ પેદા થઇ, તેનુ દિવ્ય તથા સુંદર અંગ દેખીને બ્રહ્મા કામાતુર થયા, તે કન્યાને જબરજસ્તિથી પકડી કામ પિડીત બ્રહ્મા બોલ્યા, હે મદથી ભરેલા નેત્રવાળી ! મને રતિ દે અને મારી કામાતુર થએલાની રક્ષા કર, આ સાંભળીને માતા શારદાએ ક્રોધમાં આવી બ્રહ્માને કહ્યું કે આ તમારૂ પાંચમું મુખ અશુભ છે, એ તમારા કાંધ ઉપર યોગ્ય નથી. અર્થાત શ્રાપ આપ્યો કે તમારૂં પાંચમુ મુખ નાશ પામો

વાંચક બંધુ ! ચારો વેદોને જાણનાર તે બ્રહ્મા કહેવાય છે. આવી રીતે ઋષિઓ ઉપર પુત્રી ગમનનો દોષ મુકવો તે શું તેમની હાંશિ–નીંદા

બરાબર નથી ? આવા દોષ લગાવવા તે હિંદુ ધર્મના વિરોધીયોનાંજ કામ નથી લાગતાં ?

૭ વિશ્વકર્માની પુત્રી સંજ્ઞા હતી જ્યારે તે યુવાન થઇ ત્યારે તેના પિતાએ તેનો સ્વયંવર રચ્યો, બહુ રાજા, દૈત્ય, દેવતા, એ સ્વયંવરમાં આવ્યા, તેઓમાંથી બલિદૈત્ય જબરજસ્તિથી સંજ્ઞાને પકડી ચાલવા માંડયું, તેથી ભારે યુદ્ધ થયું. સુર્ય કે જે વિશ્વકર્માનો ભાઇ હતો તેણે સંજ્ઞાને બલિ પાસેથી છોડાવી વિશ્વકર્માને સોંપી. ત્યારે સંજ્ઞા બોલીઃ-

मूल–विवस्वंतं सुर श्रेष्ट दृष्ट्वा संज्ञावचोऽब्रवीत् ।
मत्पतिश्च भगवान देवो भवेत कार्याकरस्सदा ॥२१॥
त्वपाजीताऽहं भगवान् ब लेर्विं मियकोरिणः ।
भ्रातृजा ग्रहणे दोषो न भवेत्स कदाचन ॥२२॥
यातुज्ञानमयी नारी वृणेधं पुरुषं शुभम् ।
कोऽपि पुत्रः पिता भ्रातास च तस्याः पतिभवेत् ॥२६॥
स्वकीयां च सुतां ब्रह्मा विष्णु देवः स्वमातरम् ।
भगिनी भगवाञ्छंभुर्गृहीत्वा श्रेष्ठतामगात् ॥२७॥
इति श्रुत्वा वेदमंयं वाक्यं चादिती संभवः ।
विवस्वान् भ्रातृजांसंज्ञां ग्रहीत्वा श्रेष्ठवान भूत ॥२८॥

प्रतिसर्ग पर्व ३ खण्ड ४ अध्याय–१८ श्लो. २१–२८

અર્થાત-દેવતાઓમાં શ્રેષ્ટ સૂર્ય ને દેખી સંજ્ઞાબોલી કે આપ મારા પતિ દેવ તથા સદા કાર્ય કરવા વાલા બનો યે. હે ભગવાન! આપે

મને દુષ્ટ બલી પાસેથી જીતી છે. ભત્રીજીને ગ્રહણ કરવામાં કોઇ જાતનો દોષ લાગતો નથી. જો જ્ઞાન વાળી સ્ત્રી સારા ગુણવાળા પુરુષને પોતાના પતિ તરીકે સ્વીકાર કરેતો તે પુરુષ ચાહે તેનો પુત્ર, પિતા, ભાઇ હોય તો પણ તેનો પતિ થઇ શકે છે. બ્રહ્માએ પોતાની પુત્રીને તથા વિષ્ણુએ પોતાની માતાને તથા ભગવાન શંભુએ પોતાની ભગીનીને ગ્રહણ કરી શ્રેષ્ઠતાને પ્રાપ્ત કરી છે. આદિતીના :પુત્ર સુર્ય વેદાનુકુળ આ વાક્ય સાંભળી પોતાની ભત્રીજી સંજ્ઞાને ગ્રહણ કરી શ્રેષ્ટ પદવીને પ્રાપ્ત થયો. ઉપરોક્ત લેખ ઉપરથી જ્ઞાનવાલી સ્ત્રી પોતાના પિતા પુત્ર તથા ભાઇ સાથે વિવાહ કરી શકે છે. વાહ વાહ ! કેવી વેદાનુકુળ શિક્ષા છે ?

સંજ્ઞા, સુર્યથી મનુ, યમ. તથા યમુના પુત્ર પુત્રી થયા પછી છાંયા નામની સ્ત્રી પોતાના પતિને સોંપી પોતે તપ કરવા વનમાં ચાલી ગઇ. સુર્યને છાયાથી સાવર્ણી મનુ, શનિ, તથા તપતી, પુત્ર, પુત્રી ઉત્પન્ન થયાં. છાંયાને, સુર્યે સંજ્ઞાના પુત્રોથી ભેદભાવ રાખતી દેખીને ભસ્મ કરી દીધી તેથી છાયાના પુત્રો શનિ તથા સાવર્ણીએ સુર્ય સાથે યુદ્ધ કર્યું.

मूल—पुनस्तौ च समागम्य युयुधाते विवस्वता ।
विवस्वान् भयभीतश्च त्यक्त्वा युद्धं पराभवत् ॥३६॥
तत्रस्थिता प्रिया संज्ञा बडवारूप धारिणी ।
[illegible] तपंति तप उल्वणम् ॥३७॥
गत्वा ददर्श भगवान् संज्ञांसंबोध कारिणीम् ।
कामातुरो हयोभूत्वा तत्ररेमे तया सहा ॥३८॥

पंच वर्षांतरे संज्ञा गर्भं तस्माद्धीस्वयम् ।
तनयौ च समुद्रभूतौ दिव्यरुप पराक्रमो ॥३९॥
प्रतिसर्ग पर्व ३ खण्ड ४ अ.१८ श्लोक-३६-३९

અર્થાત–સાવર્ણી તથા શનિ, સુર્યની સાથે યુદ્ધ કરવા લાગ્યા તેથી સુર્ય ભયભિત થઇને યુદ્ધ છોડી સંજ્ઞા ઘોડીનું રૂપ ધારણ કરી કુરૂખંડમાં રહેતી હતી ત્યાં નાશી ગયો. ત્યાં સુર્ય, સંબોધ કરનેવાલી સંજ્ઞાને દેખી કામાતુર થયો તેથી ઘોડાનું રૂપ ધારણ કરી તેની સાથે રમણ કરવા લાગ્યો. તેથી પાંચ વર્ષ પુર્વ સંજ્ઞાને ગર્ભ ધારણ કર્યો અને તેથી દિવ્ય રૂપવાળો પરાક્રમસે યુક્ત અશ્વિની કુમાર નામના બે પુત્ર ઉત્પન્ન થયા. શું આવી વાતો પણ સંભવિત છે કે?

૮ પ્રજાપતિની કન્યા તારાનું લગ્ન બૃહસ્પતિની સાથે થયું હતું. તારા ઘણીજ સ્વરૂપવાન સ્ત્રી હતી. તેને ચંદ્રમાએ દેખી અનેઃ–

मूल–शीतांशु दर्शनादेव कामस्य वश[illegible] ।
आबभाषे च मधुरं तारे एह्येहिमाचिरम् ॥
इगिताकारकुशला तारा सोमस्य चेष्टितम् ।
बुद्ध्वा शुद्धिमथो तन्वी प्राहेदं मधुराक्षरम् ॥
मुने[illegible]: पुत्रस्त्वंचसोम्योऽसि सोमराट् ।
अंगिर सोः मुनेर्वीर स्नुषाहमुचितंनृते ॥
सहसोम्येन यो योगस्तव सिद्धोऽद्भुतो महान् ॥
अंगिर[illegible] किलपुरा ससुरासुर राक्षसैः ।
राजत्वे स्थाप[illegible]सिनेतल स्मरसिकिंविधो ॥

कथ मध निशा नाथ ह्यनंगेनातिपीडितः ।
तस्माद ब्रविमि सिद्धिं ते रोचयेघटीतांकुरु ।
परचत्यस्मि भद्रं तेन गम्यास्मि बुधोत्तम ।
एवमुक्तस्तथा चासौ न चैतत् कृतवांस्तत ॥
ग्रहीत्वा कर्षयामास सोमोऽनंगे वशीकृतः ।

उत्तर पर्व ४ अध्याय ९९ श्लोक ८-१३

ભાવાર્થ—ચંદ્રમા તારાને દેખી કામ વશ થયા અને મીઠી વાણીથી બોલ્યા, કે હે તારે! જલદી આવ. ઇશારાને જાણવા વાળી તારા ચંદ્રમાની ચેષ્ટાને તથા તેની મનોવૃત્તિ ને સમજનારી તારા બોલી કે, હે સોમરાય તું અંગિરા મુનિનો પુત્ર છું, તથા તું સૌમ્ય સ્વભાવ છે, તથા હું અંગિરા મુનિની પુત્ર વધુ છું. તેથી તારે માટે લાયક નથી. હે રાત્રી કે સ્વામિ ચંદ્ર! તું આજ કામથી પીડીત છે તેથી ધર્મની વાત કહુ છું, તથા હું તારી સિદ્ધિ ચાહુ છું. તું, તારે લાયક સારૂં કામ કર. હું પરાઇ સ્ત્રી છું. હું તારે માટે રમણ કરવા લાયક નથી. આવી રીતે સમજાવવા છતાં કામથી વશિભૂત થએલ ચંદ્રમાએ તારાને પકડી ને ખેંચી ઇત્યાદિ.

બૃહસ્પતિએ આ વાત જાણીને ચંદ્રમાની નિંદા કરી, અને એમ સમજ્યા કે ચંદ્રમા સ્વયં મારી સ્ત્રી ને મારી પાસે મુકી જસે, પરંતું બૃહસ્પતિને પોતાની સ્ત્રી પાછી ન મલી તેથી તે ઘણા ક્રોધમાં આવી ને દેવતા ઓની સહાયતાથી ચંદ્રમાની સાથે યુદ્ધ કર્યું, અને યુદ્ધની અંદર ચંદ્રમાએ દરેકને હરાવ્યા ત્યારે બ્રહ્માએ ચંદ્રમાને સમજાવ્યો કે:—

मूल—ब्रह्मा प्रोवाच सोमं तु विनीतवदुपस्थितम् ॥

अर्पयस्व गुरोर्भार्यां न कार्यं पुनरी दशम् ।
सतथोक्तः समानीय ददौ तरां बृहस्पतेः ॥

पुनरूचे शशी स्पष्टं श्रृण्वतां त्रिदिवौकसाम् ।
अस्यां गर्भो मदीयोऽयं यदपत्यंम मैवेतते ॥

बृहस्पतिरथोवाच मया गर्भः समाहितः ।
क्षेत्रे मदीये चोत्पन्नस्तस्मात्स मम पुत्रकः ॥

उक्तं च वेदशास्त्रज्ञैं ऋषिभिर्द्धर्मदार्शिभिः ।
उत्पं वाताहृतं वीजं यस्य क्षेत्रे प्ररोहति ॥
क्षेत्रिणस्तंस्यत द्वीजंन बीजी फलभाग भवेत् ।
सम्थ गुक्तं नभवता शशांकः प्राहतत्ववित्त ॥

माता भस्त्र पितुः पुत्रोयेन जातः सएवसः ।
इति पौराणिकाः प्राहुर्मुनयो नम चक्षुषः ॥

विवदं तौ निवार्याथब्रह्मा प्रोवाच तां वधूम् ।
शनैरेकान्त मानीय गर्भोऽयं कस्य शंसमे ॥

एव मुक्ता तु सा तारा ह्रियानोवाच किंचन ।
उत्ससर्ज क्षणाद्गर्भं भाभासित सुरालयम् ॥
तमुवाच ततो ब्रह्मपुत्र कस्य सुतो भवान ।
सोमस्याहं सुतो ब्रह्मन्निति तथ्यं मयोदितम ॥

बुधोऽयं विबुधाः प्राहुः सर्वज्ञान [illegible]:।
ग्रहित्वा पुत्रकं सोमो जगामस्वं निवेशनं ॥

गुरुर्गहित्वा स्वांभार्यां जगाम भवनं शनैः।
सोमोऽपि तनयं लब्ध्वा हर्षं व्या[illegible]मानसः ॥

उतरपर्व ४ अध्याय ९९ श्लो ३७–४७

ભાવાર્થ—બ્રહ્માએ વિનયથી ચંદ્રમાને કહ્યું કે, ગુરૂની સ્ત્રી આપી દે અને હવે ફરીથી આવું કામ કરીશ નહિ. ત્યારે ચંદ્રમાએ બ્રહ્માના કહેવાથી તારાને બ્રહસ્પતિને સોંપી, અને બધા દેવતાઓના સાંભળતાં સ્પષ્ટ કહ્યું કે તારામાં મારો ગર્ભ છે, તેથી તેને જે સંતાન થશે તે મારૂ સંતાન થશે, ત્યારે બ્રહસ્પતિએ કહ્યું કે આ ગર્ભ મારો છે અને વાવેલું તથા હવાથી ઉડી આવેલું બીજ જે ખેત્રમાં ઉત્પન્ન થાય છે તે ખેત્રવાલાનુજ કહેવાય છે અને પહેલા બીજવાલો ફલનો ભાગી થતો નથી. આવી રીતે જ્યારે બંન્નેમાં વાદવિવાદ થવા માંડયો ત્યારે બ્રહ્માએ ધીરેથી તારાને એકાંન્તમાં લઇ જઇને પૂછ્યું કે, મને કહે કે આ ગર્ભ કોનો છે? ત્યારે તારા લજ્જાથી કાંઇ પણ બોલી શકી નહિ. અને એક ક્ષણમાં ગર્ભને છોડી દીધો, ત્યારે બ્રહ્માએ તેને પૂછ્યું કે હે પુત્ર! આપ કોના પુત્ર છો? ત્યારે ગર્ભે કહ્યું કે હું, સોમ અર્થાત ચંદ્રમાનો પુત્ર છું. ત્યારે દરેક બુદ્ધિ માનોએ કહ્યું કે આ બુધ છે અને બધા જ્ઞાનિયોમાં શ્રેષ્ટ છે. ચંદ્રમા પુત્રને લઇને ચાલ્યો ગયો તથા બ્રહસ્પતિ પોતાની સ્ત્રી તારાને લઇ પોતાના ભવનમાં ચાલ્યા ગયા. ચંદ્રમા પોતાનો પુત્ર પ્રાપ્ત થવાથી અત્યંત પ્રસન્ન થયા!

વાંચક બંધુઓ! આ કથાને વાંચીને સ્વયંમ વિચારો કે ગુરૂની

સ્ત્રી સાથે બલાત્કાર સંગ કરવો, પુત્રકોને મલે તે ઉપર વાદવિવાદ કરવો, અંતમાં બુધે પૈદા થતાં તરતજ ફેંસલો આપવો, આવિ વ્યભિચાર પોશાક વાતો માનવા લાયક છે ! પૌરાણીકો ઉત્તર આપશો કે શું આવી નિર્લજ વાતો ઋષિમુનિયોના જીવનને ઉજ્વલ કરે છે ! અને આવી આચારહિન કથા માનવાવાલા પૌરાણીકો નિયોગ જેવા ધાર્મિક સિદ્ધાંત ઉપર ટીકા કરવાનું સાહશ કરશે કે ?

૯ કૃષ્ણ તથા નારદ ફરતે ફરતે કન્યા કુબ્જની પાસે આવેલા વશિષ્ટ નામના તલાવ પાસે આવ્યા. ત્યાં પહેલાં શ્રીકૃષ્ણજીએ સ્નાન કર્યું, પછી નારદજીએ સ્નાન કર્યું,

मूल—आचम्य सस्नो तीर्थेन क्षणातीर्थमवाप्य च ।
थावदुत्तिष्ठते तोयात् स्नात्वाऋषिरुद्दारधीः ॥४७॥
तावत् स्त्रीत्वं समापन्नो नारदः केन वर्ण्यते ।
यस्यास्तु विस्तृते नेत्रे वक्त्रं चन्द्रोपमं सुभम् ॥४८॥
पीनाववत्तुंगतनुधृत कठिनौ कलसोपमौ ॥५२॥
स्तना...[illegible] स्निग्धौ चक्रवाकयुगोपमौ ॥५३॥
अथाजगाम तं देशं नाम्ना तालध्वजो नृपः ॥६२॥
तेनसा सहसा दृष्टा नारी कमलोचना ॥६४॥
बभुव क्षणमात्रेण कंदर्पशर पीडितः ॥६५॥
निराश्रयां विदित्वैनां ततो जातः स्म [illegible]र्दितः ।
आरोप्य हय पृष्ठेतां ततो राजा गतोगृहम् ।

नित्वा विवाहयामास शास्त्रोक्त विधिना ततः ।
रेमे प्रासाद श्रृंगाग्रे पर्यंके सितया तया ॥७१॥
ततस्त्रयोगदशे वर्षे तस्या गर्भोऽभवन् महान् ॥७५॥
पंचासत् संख्यया जाता उपसर्गादिवर्जीताः ।
आरूढयौवनाः सर्वेसुताः संग्रामकोविदाः ॥७७॥

અર્થાત નારદે આચમન કરીને તિર્થમાં સ્નાન કર્યું, તિર્થમાં સ્ના કરીને જળમાથી નારદજી બહાર નીકળ્યા ત્યારે નારદજી સ્ત્રી બની ગય પછી એ સ્થાનમાં તાલધ્વજ નામનો રાજા આવ્યો તેણે કમલ સમાન નેત્રવાળી અચાનક સ્ત્રી દેખી, ને એક ક્ષણમાં કામાતુર થયો અને તે નિરાશ્રય સ્ત્રીને ઘોડાપર બેસાડી પોતાના ઘેર લઇ ગયો. તેની સાથે શાસ્ત્રવિધી અનુસાર વિવાહ કર્યો, પછી તેરમે વર્ષ તેને ગર્ભ રહ્યો તેનાથી સંગ્રામમાં કુશલ એવા પચાસ જવાન પુત્ર ઉત્પન્ન થયા.

પૌરાણીક ભાઇઓ આર્યસમાજને પ્રશ્ન પુછે છે કે સૃષ્ટિની શરૂઆતમાં જવાન મનુષ્યો ક્યાંથી પૈદા થયા ? તો પૌરાણીકો ઉ આપશો કે નારદના પેટથી પચાસ જવાન યુદ્ધ વિદ્યાને જાણવાવ પુત્ર કેવી રીત પૈદા થયા ? અને બિચારા નારદજીને પણ તેર સુધી સ્ત્રી તરીકે તાલધ્વજ રાજાની પાસે રહેવું પડયું તે નાર કમબખ્તી નહિ તો શું ?

ચોથો ભાગ છપાય છે.

મુદ્રકઃ—પુરૂષોતમ શંકરદાસ "શ્રીકૃષ્ણ મુદ્રણાલય"
ફર્નાન્ડીઝ બ્રીજ, રીચીરોડ—અમદાવાદ